## ખેડા જિલ્લાના ફાગવેલથી કોંગ્રેસની જન આક્રોશ યાત્રાના દ્વિતીય ચરણનો પ્રારંભ

# ખેડૂતોના દેવા માફ કરો : અમિત ચાવડા

**ડબલ એન્જિનની** સરકાર છતાં ભાજપને ખેડૂતોના દેવા માફી કેમ કરતી નથી?: અમિત ચાવડા

(પ્રતિનિધિ) નડિયાદ, તા.20

ખેડાના યાત્રાધામ ફાગવેલથી જનતાના પ્રશ્નોને વાચા આપવા માટે કોંગ્રેસ દ્વારા જન આક્રોશ યાત્રાના બીજા તબક્કાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં પ્રદેશ નેતાઓની હાજરીમાં મોંઘવારી, બેરોજગારી અને ખેડૂતોના મુદ્દે સરકારને ઘેરવાના મક્કમ નિર્ધાર સાથે ડાકોર તરફ આગળ વધી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે, આપણે એ દિવસો યાદ કરવા જોઈએ કે જ્યારે કેન્દ્રમાં યુપીએની સરકાર હતી, ખેડૂતોના 72 હજાર કરોડના દેવા માફ કરતા હતા, ખેત ઉત્પાદનના પૂરતા બજાર ભાવ મળતા હતા, બધી જ સગવડો હતી. તેમ છતાં ગુજરાતની ભાજપની સરકાર, તત્કાલીન નરેન્દ્રભાઈ મોદી અને એમની સરકાર ટીવીમાં, પેપરમાં ગુજરાતની જનતાને 'થપ્પડ' એવી જાહેરાતો આપતા હતા. ગુજરાતમાં કમોસમી વરસાદ થયો, સૌથી લાંબો સમય કમોસમી વરસાદ થયો. ખેડૂતો તમામ રીતે પાયમાલ થયા. પરંતુ સરકારે પેકેજના નામે પડીકું આપ્યું. આખા ગુજરાતના ખેડૂતોની સંપૂર્ણ દેવા માફીની



માંગ આજે બુલંદ થઈ છે. સમગ્ર ગુજરાતમાંથી માંગ ઉઠી છે કે ખેડૂતોના સંપૂર્ણ દેવા માફ થાય, એ ખેડૂતોના અવાજને અમે બુલંદ કરીશું અને ગુજરાતના ખેડૂતોના સંપૂર્ણ દેવા માફ કરાવીને જ જંપીશું.

ખેડા જિલ્લાના ફાગવેલથી કોંગ્રેસની જનઆક્રોશ યાત્રાના દ્વિતીય ચરણનો પ્રારંભ કરતા પૂર્વે વીર ભાથીજી મહારાજના મંદિરે શાસ્ત્રોક્ત વિધિ મુજબ ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ભાથીજી દાદાના દર્શન અને આશીર્વાદ લીધા બાદ કોંગ્રેસના અગ્રણી નેતાઓએ એક વિશાળ જનસંમેલનને સંબોધિત કરીને રાજ્ય સરકારની નીતિઓ સામે રોષ વ્યક્ત કર્યો હતો.

ખેડા જિલ્લા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ મહેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે, અમિત ચાવડાના નેતૃત્વમાં નીકળેલી આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય જનતાના દબાયેલા અવાજને સરકાર સુધી પહોંચાડવાનો છે. વર્તમાન સમયમાં સામાન્ય જનતા મોંઘવારી, ભ્રષ્ટાચાર અને બેરોજગારીથી પીડાઈ રહી છે ત્યારે આ યાત્રા જનતા માટે એક મંચ પૂરો પાડશે.

આ યાત્રામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકી, જગદીશભાઈ ઠાકોર, સાંસદ ગેનીબેન ઠાકોર, એઆઈસીસીના મંત્રી અને સહપ્રભારી રામકિશન ઓઝા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ જીગ્નેશ મેવાણી, વરિષ્ઠ આગેવાનો, ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, જીલ્લા પ્રમુખો વિગેરે હાજર રહ્યાં હતાં.

## બાલાસિનોરમાં કમળાના ભરડા બાદ આરોગ્ય વિભાગ સફાળું જાગ્યું

# બાલાસિનોરમાં કમળો બેકાબૂ આંગણવાડી બંધ કરવા આદેશ

**શાળામાં પણ** પાલિકાના પાણીના બદલે વૈકલ્પિક વ્યવસ્થા કરવા સુચના

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.20

બાલાસિનોરમાં છેલ્લા સપ્તાહથી કમળાના રોગે ભરડો લીધો છે, પરંતુ આરોગ્ય વિભાગ નક્કર કામગીરી ન કરી શકતાં રોગ વકર્યો હતો. આખરે રહી રહીને જાગેલા આરોગ્ય વિભાગે તાત્કાલિક આંગણવાડી બંધ કરવા તથા શાળામાં પણ પીવાના પાણીમાં નગરપાલિકાનું પાણી ન લેવા સુચના આપવામાં આવી છે.

બાલાસિનોર નગરપાલિકાની બેદરકારીના કારણે સમગ્ર નગર કમળાના ભરડામાં આવી ગયુ છે. છેલ્લા અઢી મહિનાથી સવા ત્રણ સોથી વધુ કેસ નોંધાવવા છતાં આરોગ્ય વિભાગ રોગચાળાને કાબુમાં લેવા નિષ્ફળ રહ્યું હતું. આ સમગ્ર મામલે નગરપાલિકા અને આરોગ્ય વિભાગ વચ્ચેના તાલમેલનો અભાવ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. ઠેર ઠેર લીકેજ હોવા છતાં પાલિકા દ્વારા રીપેરીંગમાં ઠાગાઠૈયા કરવામાં આવ્યાં છે. તો આરોગ્ય વિભાગ પણ સેમ્પલ ફિટ ન હોવા છતાં વૈકલ્પિક વ્યવસ્થા અંગે કોઈ પગલા ભરી શકાયાં નહતાં. આખરે આરોગ્ય વિભાગ દ્વારા બાલાસિનોર તાલુકા હસ્તકના શહેરી વિસ્તારમાં ચાલતા 26 આંગણવાડી કેન્દ્રને તાત્કાલિક અસરથી બંધ રાખવા તેમજ બાળકોને પુરક પોષણ માટે આંગણવાડી કેન્દ્રમાં પીવાલાયક પાણીનો જ ઉપયોગ કરી બનાવેલો નાસ્તો અને ભોજન બાળકોના ઘરે જઈને જ આપવા સુચના આપવામાં આવી છે.

આ ઉપરાંત બાલાસિનોર નગરપાલિકા વિસ્તારની તમામ શાળાઓમાં પાલિકાનું પાણી પીવા અને મધ્યાહન ભોજનમાં ન લેવા સુચના આપવામાં આવી છે. જોકે, શુદ્ધ પીવાના તેમજ મધ્યાહન ભોજન માટે જરૂરી વૈકલ્પિક સુવિધા આરોગ્ય વિભાગ તેમજ નગરપાલિકા બાલાસિનોરના સંકલનમાં રહી ઉપલબ્ધ કરવા તાકીદ કરાઈ છે.

# બોરસદ શહેરમાં ચાઈનીઝ દોરી વેચનારો શખસ ઝબ્બે

**એલસીબીએ 32** ફીરકીઓ સાથે ગુનાખોરને જબ્બે કર્યો

(પ્રતિનિધિ) આણંદ, તા. 20

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચે બોરસદ શહેરના ભાદરણ રોડ પર આવેલી તાજ હોટલ નજીકથી ચાઈનીઝ દોરી વેચનાર ગુનાખોરને ઝબ્બે કર્યો હતો. જે અંગે બોરસદ સીટી પોલીસે ફરીયાદ નોંધી હતી.

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચ બોરસદ ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે સમયે બોરસદ શહેરના ભાદરણ રોડ તાજ હોટલની બાજુમાં ચાઈનીઝ દોરી વેચાણનું ગેરકાયદેસર કૃત્ય ચાલતુ હોવા અંગે બાતમી મળી હતી.જે બાતમી હકીકતના આધારે એલસીબીએ બાતમી વર્ણન વાળા સ્થળ પર છાપો મારતા મીણીયાના કોથળા સાથે તનવીરઅસરફ મુસ્તફાખાન પઠાણ પ્રતિબંધીત ચાઈનીઝ દોરી સાથે મળી આવ્યો હતો.જેની જડતી તપાસ કરતા ચાઈનીઝ ફીરકીઓ કુલ નંગ.32 સહિત રૂ.6400- નો મુદ્દામાલ પકડાયો હતો.તે સ્થિતિમાં પોલીસે પકડાયેલ ગુનાખોરની સઘન પુછપરછ કરતા પેટલાદના શાહનવાઝ સારીક મલેક ઉર્ફે સાનુ પાસેથી ચાઈનીઝ દોરી લાવ્યો હોવાનું જણાયુ હતુ. જે અંગે આણંદ એલસીબીએ પકડાયેલ ઈસમ સહિત ચાઈનીઝ દોરીનો જથ્થો આપનાર શાહનવાઝ વિરૂધ્ધ બોરસદ સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધી તપાસ ચલાવી હતી. આણંદ જિલ્લામાં વધતી જતી ચાઈનીઝ દોરીના વેપલા અંગે પોલીસે કડક હાથે કામ લીધું છે.

# આણંદમાં ડિસ્ટ્રીક્ટ બાર એસો.ની ચૂંટણી યોજાઈ

**એસોસિએશનના** પ્રમુખ તરીકે આર.ટી. શાહની વિજેતા બન્યા

(પ્રતિનિધિ) આણંદ તા.20

આણંદ ડિસ્ટ્રીક્ટ બાર એસોસિએશનની શુક્રવારના રોજ યોજાયેલી ચૂંટણીમાં આર.ટી. શાહની પેનલનો વિજય થયો હતો. જેના પગલે આર.ટી. શાહને પ્રમુખ તરીકે વિજેતા જાહેર કરાયાં હતાં.

આણંદના જીટોડીયા સ્થિત જિલ્લા ન્યાયાલય ખાતે આણંદ ડિસ્ટ્રીક્ટ બાર એસોસિએશનની નવ બેઠકો માટે રસાકસીભરી ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં બે પેનલના કુલ 18 ઉમેદવારો મેદાનમાં ઉતર્યા હતાં. જેમાં સિનિયર એડવોકેટ આર.ટી. શાહની પેનલને સ્પષ્ટ બહુમતી મળતાં ભવ્ય વિજય પ્રાપ્ત થયો છે. ચૂંટણીના પરિણામો જાહેર થતાની સાથે જ વકીલોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને વિજેતા ઉમેદવારો દ્વારા વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો. આ નવનિયુક્ત હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે રજનીકાંત ઠાકોરલાલ શાહ, ઉપપ્રમુખ તરીકે હિતેશભાઈ ચાવડા અને સેક્રેટરી તરીકે કિરીટકુમાર વાઘેલા ચૂંટાયા છે. આ ઉપરાંત, જોઈન્ટ સેક્રેટરી પદે નરેશકુમાર સોલંકી, મહિલા પ્રતિનિધિ તરીકે ભૂમિબેન પંડ્યા, લાઈબ્રેરીયન તરીકે સદ્દામખાન પઠાણની વરણી થઈ છે. કારોબારી સભ્યોમાં ઉસ્માનશા દીવાન, નમ્રતા શાહ અને મંથનકુમાર ઠક્કર વિજેતા બન્યા છે અને ખજાનચી પદે હીનાબેન દવે બિનહરીફ થયાં હતાં.



## ઉમરેઠ બાર એસોસિએશનના પ્રમુખ તરીકે ધ્રુમિલ શુક્લ બહુમતીથી ચૂંટાઇ આવ્યાં



ઉમરેઠ બાર એસોસિએશનની વર્ષ 2025-2026ની ચૂંટણીમાં કુલ 105 મતદારો પૈકી 96 મતદારો એ મતદાન કર્યું અને બીજા પદો બિનહરીફ તથા વેકેન્ટ થઈ ગયેલ હોય જેથી માત્ર પ્રમુખ પદના ઉમેદવારની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં ધ્રુમિલ હરીશકુમાર શુક્લને 41 મત મળતા વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. ઉમરેઠ બાર એસોસિએશન ચૂંટણીમાં ઉપપ્રમુખ તરીકે ઐયુબખાન નસરુલ્લાખાન પઠાણ (બિનહરીફ), સેક્રેટરી સીટમાં મૌલિક અરવિંદકુમાર પટેલ (બિનહરીફ), ખજાનચી સીટમાં પ્રીતિબેન ગોવિંદભાઈ મકવાણા (બિનહરીફ), જોઇન્ટ સેક્રેટરી સીટમાં કોઈ પણ ઉમેદવારી નોંધાવી ન હોય જેથી વેકેન્ટ જાહેર કરવામાં આવી હતી.

## કપડવંજ બાર એસોસિએશનના હોદ્દેદારોની ચૂંટણી યોજાઈ



કપડવંજ | કપડવંજ બાર એસોસિએશનના હોદ્દેદારોની ચૂંટણી યોજાઈ હતી. ચૂંટણી જંગમાં પ્રમુખની પ્રમુખની દાવેદારી માટે એચ. એમ. જોષી, જે. એસ. સોલંકી તથા કે. એમ. ઠાકોરે ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે ઉપપ્રમુખ તરીકે જે. આર. પઠાણ, સેક્રેટરી તરીકે પી. એચ. ઝાલા અને જોઈન્ટ સેક્રેટરીમાં બી.બી.ભટ્ટ તથા એ.ડી.સેવક બિનહરીફ વિજેતા થયા હતા. પ્રમુખની ચૂંટણીમાં એચ. એમ. જોષી (વ્યાસ વાસણાવાળા)ને સૌથી વધુ 130 મત મળતા તેઓને ચૂંટણી અધિકારીએ વિજેતા જાહેર કર્યા હતા. કુલ 191 મત છે, જેમાંથી 164નું મતદાન થયું હતું. જેમાં બે મત રદ થયાં હતાં. ચૂંટણી અધિકારી તરીકે બી. આર.પટેલ તથા જોઈન્ટ ચૂંટણી અધિકારી તરીકે એમ.ડી.રાજપૂતે ફરજ બજાવી હતી. સમસ્ત બ્રહ્મ સમાજ-કપડવંજ દ્વારા પ્રમુખ તરીકે ચૂંટાયેલા એચ.એમ. જોષી તથા અન્ય હોદ્દેદારોને શુભકામનાઓ પાઠવી હતી.


# આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

## મહીસાગરના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે હાલોલ યુનિવર્સિટી દ્વારા માર્ગદર્શન અપાયું




**સંતરામપુર** | મહીસાગર જિલ્લાના 300થી વધુ ખેડૂતોને આત્મા પ્રોજેક્ટ અંતર્ગત દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવવા માટે હાલોલની પ્રાકૃતિક યુનિવર્સિટી ખાતે પ્રેરણા પ્રવાસે મોકલાયા હતા. આ ખેતી પદ્ધતિમાં એક દેશી ગાય દ્વારા 30 એકર જમીનમાં રાસાયણિક ખાતર કે જંતુનાશક દવા વગર સફળ ખેતી થઈ શકે છે, જેનાથી જમીનની ફળદ્રુપતા વધે છે અને લોકોનું આરોગ્ય સુધરે છે. ખેડૂતોને આ પદ્ધતિમાં નફો વધુ અને ખર્ચ નહીવત્ હોય છે. પ્રવાસ દરમિયાન ખેડૂતોએ બીજામૃત, જીવામૃત, ઘન જીવામૃત અને વિવિધ રોગ-જીવાત અસ્ત્રો જેવા પાંચ પ્રાકૃતિક આયામોનું માર્ગદર્શન મેળવ્યું હતું. આ પ્રવાસથી ખેડૂતોને રાસાયણિક મુક્ત ખેતી તરફ વળવા માટે નવી દિશા મળી છે.

## કપડવંજની જડાવબા શીશુ કેન્દ્રમાં વાદળી રંગની સમજ આપવામાં આવી



**કપડવંજ** | કપડવંજની જડાવબા બાલમંદિરના બાળકોને વાદળી રંગની ઓળખ કરાવવામાં આવી હતી. જેમાં આકાશ, પાણી, ફૂલો, રમકડાં તેમજ વિવિધ વસ્તુઓ દ્વારા ઓળખ કરાવવામાં આવી હતી. આ સાથે બાળકોને વાદળી રંગથી ચિત્રોમાં રંગ ભરવાની પ્રવૃત્તિ પણ કરાવવામાં આવી હતી. જેમાં તેમણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## વેમેડ કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે 'યુવાનોમાં મૂલ્યોનું સિંચન' પર વ્યાખ્યાન યોજાયું




**આણંદ** | સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ભીખુભાઈ પટેલ, ગવર્નિંગ બોડીના સભ્યો, પ્રોવોસ્ટ પ્રોફેસર (ડો.) ઇન્દ્રજીત પટેલ, રજિસ્ટ્રાર અને ડીન એકેડેમિક્સ પ્રોફેસર (ડો.) સંદીપ વાલિયાના માર્ગદર્શન હેઠળ વેમેડ કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે 'આજના યુવાનોમાં મૂલ્યોનું સિંચન' વિષય પર વિશેષ નિષ્ણાત વ્યાખ્યાન અને વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે આણંદ જિલ્લાના પોલીસ અધિક્ષક ગૌરવ જી. જસાણીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, માત્ર શૈક્ષણિક ડિગ્રી જ નહીં પરંતુ મજબૂત ચારિત્ર્ય જ વ્યક્તિને સાચા અર્થમાં સફળ બનાવે છે. આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રોવોસ્ટ અને કોલેજના પ્રિન્સિપાલ ડો. નિરાલી સોની પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંતસંકુલમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ.

## ગુજરાતના ટેક્ષ એડવોકેટ એસોસિએશનના હોદ્દેદારોની સર્વાનુમત્તે નિયુક્તિ કરાઇ




**આણંદ** | ટેક્ષ એડવોકેટ એસોસિએશન ગુજરાત, અમદાવાદ ખાતે વર્ષ 2026-27 હોદ્દેદારો માટેની ઇલેક્શન મિટિંગ મળી હતી. જેમાં ઇલેક્શન સ્ક્રુટિનાઇઝર વારીશ ઈશાની દ્વારા કમિટી નામો જાહેર કરવામાં આવ્યાં હતાં. જેમાં પ્રમુખ પદે દીપ પરીખ, ઉપપ્રમુખ પિનાકીન પટેલ, મંત્રી ઉત્સવ પટેલ, સહ મંત્રી જૈમિન ઠક્કર, ખજાનચી હિતેશ નિમાવત, કમિટી સભ્યોમાં અનિલ પરીખ, પ્રિતેશ ગાંધી, ગૌરાંગ વ્યાસ, કુણાલ શાહ, સુપ્રીમ બુમ, ભૂમિ રાવલ, આઈપીપી અનિલ ટીમ્બડીઆની સર્વાનુમતે નિયુક્તિ કરવામાં આવી હતી.

## કપડવંજની એલઆઈસી શાખાના પ્રથમ એમડીઆરટી હેતુલભાઇ તલાટી બન્યાં



**કપડવંજ** | કપડવંજના લસુન્દ્રા નિવાસી શંકરલાલ શિવલાલ તલાટી પરિવારના હરિવદનભાઈ તલાટીના પુત્ર હેતુલભાઇ તલાટી કે જેઓ કપડવંજની એલઆઇસી શાખાના પ્રથમ એમડીઆરટી બનતા તેઓને શુભેચ્છકો મિત્રો પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં. તેઓ સતત 19 વર્ષથી એમડીઆરટી, (USA) હાંસલ કર્યું છે તેમજ કપડવંજ શાખાના એક માત્ર સીઓટી (USA) અને ગેલેક્સી ક્લબ સભ્ય છે. જેઓને કપડવંજ શાખા અધિકારી અને શાખા પરિવાર વતી શુભકામનાઓ પણ પાઠવી હતી.

## આતરસુંબાની જેસી દાણી વિદ્યાલયમાં જિલ્લા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું



**કપડવંજ** | આતરસુંબાની જે.સી.દાણી વિદ્યાલય ખાતે ત્રિદિવસીય બાળવૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું હતું. તાલુકા કક્ષાએ વિજેતા બનેલી જિલ્લાની 40 શાળાએ ભાગ લઈ શ્રેષ્ઠ કૃતિઓ પ્રદર્શિત કરી હતી. જેના ઉદ્ઘાટન સમારંભમાં કપડવંજ તાલુકા પંચાયતના પ્રમુખ જે.કે. પરમાર, ઈઆઈ રાજેશ સુમેરા, સદભાવના ટ્રસ્ટના પ્રમુખ જયકુમાર દાણી, ભરતભાઈ પટેલ, રમેશચંદ્ર પટેલ, અનિતાબેન પટેલ, કારોબારી સભ્ય અને આતરસુંબાના ડે.સરપંચ મેહુલભાઈ પરીખ, વિજ્ઞાન સલાહકાર શેખ, રજનીકાન્ત ડી. પટેલ, કલ્પેશભાઈ રાવલ વિગેરે હાજર રહ્યાં હતાં. શાળાના આચાર્ય કે.સી.મોદીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આતરસુબા ના વતની અને ગાંધીનગર સ્થિત અશોકભાઈ પરીખ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

## આણંદ કોમર્સ કોલેજ દ્વારા ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરાયું




**આણંદ** | આણંદ કોમર્સ કોલેજના બીબીએના વિદ્યાર્થીઓના ઇન્ડસ્ટ્રી એક્સપોઝરના વિષય અંતર્ગત અદાણી હજીરા પોર્ટ લિમિટેડ તથા અદાણી વિલમર લિમિટેડ સુરત ખાતે ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને પોર્ટ પર થતી મેગાકાર્ગો હેન્ડલિંગ, સીપમેનેજમેન્ટ અને આધુનિક મશીનરી દ્વારા પોર્ટના સંચાલન વિશે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. આ મુલાકાતના બીજા ભાગમાં અદાણી વિલમર ફોર્ચ્યુન બ્રાન્ડ હેઠળ ખાદ્યતેલનું ઉત્પાદન, પેકિંગ, અને વિતરણની વ્યવસ્થા વિશે સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ સમગ્ર મુલાકાતનું આયોજન કોલેજના આચાર્ય ડો.વી.એમ. વનારના માર્ગદર્શન હેઠળ ડો.સુનિલ ત્રિવેદી, ડો.જયદત્ત પુરોહિત, ડો.રિશીતા મેકવાન, અનુપ્રિયા પરમાર, ડો.સંધ્યા જોશી, શ્રેયાપટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## આણંદની સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટમાં ફાયર અવરનેસ માટે મોકડ્રિલ યોજાઇ



**આણંદ** | સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી - મંત્રી ડો. ભીખુભાઇ એન. પટેલના માર્ગદર્શન હેઠળ સ્પેટના મુખ્ય ગ્રાઉન્ડમાં સંસ્થાની વિવિધ સંસ્થાઓના કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓની હાજરીમાં કરમસદ - આણંદ મહાનગર પાલિકાના ફાયર વિભાગના વડા ધર્મેશભાઈ ગોર તથા તેમની ટીમ દ્વારા ફાયર અવેરનેશ મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આગ લાગે ત્યારે સૌથી પહેલા શું કરી શકીએ ? એ બાબતે ખુબ જ વિસ્તાર પૂર્વકની માહિતી આપવામાં આવી હતી.

## આણંદની અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ દ્વારા હાસ્ય મનોરંજન કાર્યક્રમ યોજાયો



**આણંદ** | અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ દ્વારા એક ભવ્ય હાસ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો પ્રારંભ સંસ્થાના પ્રમુખ જયંતીભાઈ આર. શાહ, મુખ્ય મહેમાન મહેન્દ્રકુમાર એન. શાહ, હાસ્ય કલાકાર નટુભાઈ પટેલ, ભોજન પ્રાયોજક પ્રેમીલાબેન એમ. શાહ અને મંત્રી નરેન્દ્રભાઈ શાહ દ્વારા મંગલદીપ પ્રગટાવીને કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે હાસ્ય કલાકાર નટુભાઈ પટેલે પોતાની લયબદ્ધ શૈલીમાં ચરોતરી ભાષામાં સામાજિક રમુજ, કહેવતોના અર્થ અને ફિલ્મી ગીતો દ્વારા સભ્યોને હાસ્યરસમાં તરબોળ કર્યા હતા. આ કાર્યક્રમમાં મંત્રી નરેન્દ્રભાઈ શાહે ક્લબની ગતિવિધિઓ વિશે માહિતી આપી હતી અનિલભાઈ ગાંધીએ જન્મદિવસ કાર્યક્રમનું સંચાલન કરી અંતે આભાર વિધિ આટોપી હતી.

## સેમકોમ કોલેજ દ્વારા બે દિવસીય 'ગ્રીન બિઝનેસ એન્ડ ટેકનોલોજી ફેરનું આયોજન કરાયું



**આણંદ** | ચારુતર વિદ્યા મંડળ યુનિવર્સિટી સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા ગ્રીન બિઝનેસ એન્ડ ટેકનોલોજી ફેર 2025નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન સીવીએમ યુનિ.ના પ્રેસિડેન્ટ એન્જી. ભીખુભાઈ પટેલ, માનદ મંત્રી ડો. એસ.જી. પટેલ અને પ્રોવોસ્ટ ડો. ઇન્દ્રજીત પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ મેળાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ટકાઉપણું અને પર્યાવરણીય જાગૃતિ લાવવાનો છે, જેમાં વિવિધ વિભાગોના 150 થી વધુ વિદ્યાર્થીઓની 35 ટીમો દ્વારા ગ્રીન ટેકનોલોજી, ઓર્ગેનિક ઉત્પાદનો અને ઇકો-ફ્રેન્ડલી વ્યવસાયિક મોડેલોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

## આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે સાયબર સુરક્ષા વિષય પર જાગૃતિ સેમિનાર યોજાયો



**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટીની બી.એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચર ખાતે કુલપતિ ડો. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે જાતીય સતામણી અટકાવવા અને સાઇબર સુરક્ષા વિષય પર વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યશાળામાં મુખ્ય વક્તા તરીકે કેરાલાના ટ્રેનર દિવ્યા મધુએ મહિલાઓના અધિકારો અને ફરિયાદ પ્રક્રિયા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. જ્યારે સાઇબર ક્રાઇમ સેલના સી.પી. ચૌધરી અને મુસ્તકીમ મલેકે ઓનલાઈન ઠગાઈ, ફિશિંગ અને સોશિયલ મિડિયા સલામતી જેવા વિષયો પર વાસ્તવિક ઉદાહરણો સાથે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.